**નવી ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ અંતર્ગત 'Assistance for Startups/Innovation' યોજના અન્વયે માન.અધિક મુખ્ય સચિવશ્રી(ઉદ્યોગ અને ખાણ વિભાગ)ના અધ્યક્ષસ્થાને તા.૧૭/૦૫/૨૦૧૬ના રોજ બપોરે ૪.૦૦ કલાકે યોજાયેલ રાજયકક્ષાની સમિતિની ચોથી બેઠકની કાર્યવાહી નોંધઃ-**

નવી ઔદ્યોગિક નીતિ-૨૦૧૫ના તા.૨૭/૦૧/૨૦૧૫ના ઠરાવ મુજબ 'Assistance for Startups/Innovation' યોજના માટે SLIC ના અધ્યક્ષ માન.અધિક મુખ્ય સચિવશ્રીની અધ્યક્ષતામાં રાજયકક્ષાની સમિતિની ત્રીજી બેઠક તા.૧૭/૦૫/૨૦૧૬ના રોજ iNDEXTb, કમિટિરૂમ, ગાંધીનગરમાં બપોરે ૪.૦૦ કલાકે મળેલ હતી.

આ બેઠકમાં નીચે જણાવેલ સભ્યશ્રી/આમંત્રિતશ્રીઓ હાજર રહેલ હતાં.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી અરવિંદ અગ્રવાલ, IAS | અધ્યક્ષશ્રી | અધિક મુખ્ય સચિવશ્રી,ઉદ્યોગ અને ખાણ વિભાગ,ગાંધીનગર |
| ૨ | શ્રીમતી મમતા વર્મા , IAS | સભ્ય શ્રી | ઉદ્યોગ કમિશનરશ્રી, ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગર |
| ૩ | શ્રી હર્બર્ટ ક્રીશ્ચીયન | સભ્ય શ્રી | નાણાકીય સલાહકારશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર. |
| ૪ | શ્રી ડો. વી. એસ. પુરાની | સભ્ય શ્રી | કમિશનરશ્રી, ટેક્નિકલ એજ્યુકેશન કમિશ્નરની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર |
| ૫ | શ્રી બી એસ મહેતા | સભ્ય શ્રી | નાયબ સચિવશ્રી,ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગાંધીનગર. |
| ૬ | શ્રી એચ.ડી.શ્રીમાળી | સભ્ય સચિવ શ્રી | અધિક ઉદ્યોગ કમિશનરશ્રી(વિસ્તરણ), ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગર |
| ૭ | શ્રી આર. ડી. બરહટ | સભ્ય શ્રી | સંયુક્ત ઉદ્યોગ કમિશનરશ (સોલ્ટ/ટેક્ષટાઇલ) , ઉદ્યોગ કમિશ્નરની કચેરી, ગાંધીનગર |
| ૮ | શ્રી સંજય રંધાર | આમંત્રિત | મેનેજીંગ ડાયરેક્ટર, GVFL |
| ૯ | શ્રી સુનિલ પારેખ | ખાસ આમંત્રિત | એડવાઇઝર, ઝાઇડસ-કેડિલા, અમદાવાદ |
| ૧૦ | શ્રી પરેશ વોરા | આમંત્રિત | હેડ-ક્વોલિટી એસ્યુરન્સ, અમદાવદ યુનિવર્સિટી, અમદાવાદ |
| ૧૧ | શ્રી અપૂર્વ જે. રાવલ | આમંત્રિત | ડેપ્યુટી ડાયરેક્ટર, જી.ટી.યુ., ચાંદખેડા |
| ૧૨ | શ્રી અશ્વિન જોષી | આમંત્રિત | CIIE, IIM-A |
| ૧૩ | શ્રી આષુતોષ | આમંત્રિત | પ્રોફેસર,DAIICT, ગાંધીનગર |

માન. અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.ખા.વિ.)એ સૌને આવકારી બેઠકની શરૂઆત કરી. બેઠકની શરૂઆતમાં ઉદ્યોગ કમિશ્નરશ્રીએ માન. અધ્યક્ષશ્રી અને અધિક મુખ્ય સચિવશ્રી(ઉ.ખા.વિ.) તેમજ સર્વે સભ્યો અને આમંત્રિતશ્રીઓને આવકાર્યા.ત્યારબાદબેઠકના એજન્ડા મુજબ કાર્યવાહી શરૂ કરવામાં આવી.

એજન્ડા: ૧ સ્ટાર્ટઅપ/ઇનોવેશન' યોજના અન્વયે ગત બેઠક તા.૨૫/૦૨/૨૦૧૬ના રોજ યોજાયેલ રાજ્યકક્ષાની સમિતિની બીજી બેઠકની કાર્યવાહી નોંધને સૌ સભ્યશ્રીઓની મંજૂરીથી બહાલી આપી.

એજન્ડા: ૨ કાર્યવાહી નોંધના એક્શન ટેકનના ભાગરૂપે નોડલ ઇન્સ્ટીટ્યુટ તરીકે માન્ય છ (૬) સંસ્થાઓ પૈકી ચાર (૪) સંસ્થાઓને કામગીરી શરૂ કરવા દરેકને રૂ.૧૦.૦૦ લાખ રો-મટીરીયલ્સ તથા ઇક્વીપમેન્ટ્સ ખરીદવા માટે તથા રૂ.૫.૦૦ લાખની રકમ મેન્ટર સર્વિસીસ માટે મળી કુલ રૂ.૧૫.૦૦ લાખની ગ્રાન્ટ ચૂકવણી કરી દેવામાં આવેલ છે. R. K. University, રાજકોટ અને Dharmsinh Desai University, નડીયાદ દસ્તાવેજોના અભાવે ગ્રાન્ટની ચુકવણી થયેલ નથી હોવાનું જણાવ્યું.

એજન્ડા: ૩ સદર યોજના હેઠળ નોડલ ઇન્સ્ટીટ્યુટ તરીકે માન્યતા આપવા અત્રે મળેલ અરજીઓ પૈકી બેઠકમાં રજુ થયેલ ચૌદ (૧૪) સંસ્થાઓના એજન્ડા પૈકી બે (૨) સંસ્થાઓને નોડલ ઇન્સ્ટીટ્યુટ તરીકે માન્ય રાખવા સર્વે ઉપસ્થિત સભ્યોશ્રીએ સંમતિ આપી.

૧. Anand Agricultural University, આણંદ

૨. Institute of Rural Management, આણંદ

અન્ય બાર માન્યતા મેળવા માટે કરેલ (૧૨) સંસ્થાઓને દરખાસ્ત re-verification માટે defer કરવામાં આવી.

આ અંગે વધુમાં ચર્ચા થતાં નોડલ ઇન્સ્ટિટ્યુટ તરીકે માન્યતા મેળવવા માટે દરખાસ્ત કરેલ સંસ્થાઓની અરજીઓ અંગે જે તે સંસ્થા મુળભૂત રીતે ઇનક્યુબેશન સેન્ટર ધરાવે છે કે કેમ ! છેલ્લા બે વર્ષથી કાર્યરત છે કે કેમ ! કેટલા incubatee કાર્યરત છે ! વગેરે , જેવા નિશ્ચિત માપદંડોને આધારે નક્કી કર્યા પછી જ કમિટિ સમક્ષ ભલામણ માટે મુકવી જોઇએ તેવું મંતવ્ય રજુ થયું અને આ માટેના માપદંડો નક્કી કરવાનું CIIEને સોંપવામાં આવ્યું આથી નિશ્ચિત થયેલા માપદંડોના આધારે GVFLને સાથે રાખીને હવે પછી નીચે અરજદારોને મુલવીને પછી આગામી મિટીંગમાં મુકવાનું નક્કી કરવામાં આવ્યું.

નીચે દર્શાવેલ બાર (૧૨) સંસ્થાઓનેSubject to re-verification સાથે defer કરવામાં આવેલ છે.

૧. Aashrey, અમદાવાદ

૨. Silver oak College of Technology & Engineering, અમદાવાદ

૩. Oakbrook Business School, અમદાવાદ

૪. Global Youth Synergy Foundation, ગાંધીનગર

૫. SAL Institute of Engineering and Technology, અમદાવાદ

૬. Karnavati Medical Trust, ઉવરસદ

૭. Sigma Polytechnic, વડોદરા

૮. Shroff S. R. College of Chemical Technology, ભરૂચ

૯. Man Made Textile Research Association, સુરત

૧૦. SEMCOM, વલ્લભ વિદ્યાનગર

૧૧. Birla Vishwakarma Mahavidyalaya, વલ્લભ વિદ્યાનગર

૧૨. C. U. Shah University, સુરેન્દ્રનગર

આ બાબતે વધુ ચર્ચા થતાં માન.અધિક મુખ્ય સચિવશ્રીએ સુચન કર્યું કે , Industries Commissionerate Office, GVFL અને CIIE સાથે મળીને નોડલ ઇન્સ્ટિટ્યુટ તરીકે માન્યતા મેળવવા માટે દરખાસ્ત કરેલ સંસ્થાઓની પુન:ચકાસણી કરશે. જે તે સંસ્થાની ચકસણીમાં GVFL અને CIIEએ અવશ્ય મુલાકાત

લેવાની રહેશે , આ  માટે સદર મીટીંગમાં ઉપસ્થિત CIIEના પ્રતિનિધી શ્રી અશ્વિન જોષીને સંસ્થાઓની પુન:ચકાસણી માટેનું format બનાવવાનું સુચન કરવાં આવ્યું. તેઓ દ્વારા રજુ કરેલ format અત્રે આ મીનીંટ્સ સાથે Annexure-Iના નામથી બિડેલ છે.

આ પ્રમાણે જો કોઇ યુનિવર્સિટિ/કોલેજ/શૈક્ષણિક સંસ્થા જો મુળભૂત રીતે  ઇનક્યુબેશન સેન્ટર ધરાવતી ન હોય તો પણ તેમને નિર્ધારીત માપદંડોના આધારે ગ્રાહ્ય રાખવી જોઇએ તેવું નક્કી કરવામાં આવ્યું. આ ઉપરાંત અગાઉ મંજૂર થયેલ નોડલ ઇન્સ્ટિટ્યુટની પણ નવા સુચવેલ માપદંડોના આધારે પુન:ચકાસણી કરવાનું નક્કી થયું.

એજન્ડા: ૪ સ્ટાર્ટઅપ/ઇનોવેશન' યોજના અંતર્ગત ચાર (૪) નોડલ ઇન્સ્ટિટ્યુટ માંથી  ઇનોવેટીવ પ્રોજેક્ટ્સની કુલ થઇને ૩૭ ભલામણો અત્રેની કચેરીને મળેલ હતી.

સદર ભલામણોને ધ્યાને લેતાં તેઓને ચુકવાનાં થતાં Sustenance Allowanceની ચુકવણી અંગે સસ્ટેનન્સ અલાઉન્સ ઇનોવેટરની આર્થિક ક્ષમતા અંગે ચર્ચા થતાં નક્કી થયું કે એક કે વધારે ધંધા ચાલુ હોય તેવા ઇનોવેટરને તેમજ સક્સેસ થયેલ સ્ટાર્ટ અપમાં નાના મોટાં સુધારા માટે જે સ્ટાર્ટ અપમાં જે તે સંસ્થા તેમજ NI/Angel દ્વારા સફીશ્યન્ટ રોકાણ થયું હોય તો તેવા કિસ્સાઓમાં પણ આ સહાય ચુકવવાનું ઉચિત જણાતું નથી , આથી નોડલ  ઇન્સ્ટિટ્યુટ દ્વારા તેમનાં ઇન્ક્યુબેશન સેન્ટરમાં રજીસ્ટ્રડ થયેલા ઇનોવેટરસની આસુચવેલ માપદંડોની ચકાસણી કર્યાબાદ જ Sustenance Allowanceની ચુકવણી કરવાનું રહેશે. આથી અત્રેની કચેરીને  મળેલ તમામ ઇનોવેટીવ પ્રોજેક્ટ્સની ભલામણોને ઇનોવેટરની આર્થિક સ્થિતિની પુન:ચકાસણી માટે પરત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો , ઉપરાંત શૈક્ષણિક કરિક્યુલમનાં ભાગરૂપે ચાલતાં પ્રોજેક્ટ્સને સદર યોજના હેઠલ સહાય મળવાપત્ર થશે નહિ તેવું પણ સુચન કરવામાં આવ્યું.

ગત બેઠકમાં રજુ કરેલ i-Createની Marketing Allowance માટે મળેલ છ (૬) દરખાસ્તોમાં પણ આ માપદંડો મુજબ વાસ્તવિક જરૂરીયાતની ચકાસણી કરી પુન:રજુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો.

એજન્ડા: ૫ સદર યોજના અંતર્ગત તા: ૨૭/૦૪/૨૦૧૬ના રોજ અત્યાર સુધી માન્ય કરેલ કુલ ૧૮ નોડલ ઇન્સ્ટિટ્યુટ સાથેની પ્રથમ મીટીંગની મિનીટ્સ અને તેઓ માટે બનાવેલ ગાઇડ્લાઇન્સને સર્વ ઉપસ્થિત સભ્યો દ્વારા બહાલી આપવામાં આવી.

વધુમાં ગત બેઠકમાં કરેલ સુચનના અનુસંધાનમાં Venture Studioના પ્રતિનિધિશ્રી પરેશ વોરા દ્વારા Prototype Development અને Marketing Allowance માટે અલગ અલગ માળખાં હેઠલ કેટલા ખર્ચની મંજુરી આપી શકાય તે અંગેનું Format share કરવામાં આવ્યું અને સર્વ ઉપસ્થિત સભ્યો દ્વારા સંમતિ આપવામાં આવી. સદર Format  અત્રે આ મીનીંટ્સ સાથે Annexure-II ના નામથી બિડેલ છે.

અંતમાં કોઇ ચર્ચા બાકી ન રહેતાં ઉપસ્થિત આમંત્રિત સભ્યોશ્રીઓનો આભાર માની બેઠકની કાર્યવાહી પુર્ણ જાહેર કરવામાં આવી.

| | | |
|---|---|---|
| Sd/- | Sd/- | Sd/- |
| સભ્ય સચિવ અને | ઉદ્યોગ કમિશ્નરશ્રી | અધ્યક્ષશ્રી અને |
| અધિક ઉદ્યોગ કમિશ્નરશ્રી | | માન.અધિક મુખ્ય સચિવશ્રી |
| (વિસ્તરણ) | | (ઉદ્યોગ અને ખાણ વિભાગ) |

# Annexure-I

## Evaluation Framework for Nodal Institutes

1. **Goals of a Nodal Institute / Incubator:**
   - Identify gaps in the entrepreneurial ecosystem of the region / sector and create interventions to bridge the gap
   - Develop internal and stakeholders' capacities to support innovative startups
   - Scout for innovative startups
   - Provide early stage support innovative startups and mitigate their key risks including:

   a. Product Risk
   b. Market Risk / Distribution Risk
   c. Financing Risk
   d. Regulatory Risk
   e. Business Model Risk
2. **Minimum Requirements:**
   - In order to achieve these goals, it is critical that the Nodal Institute has the *ability* and *vision* to do so.
   - In our experience, a nodal institute / incubator needs to have the following as minimum criteria to even get started:
     1. Full time Incubation Manager - with a salary of Rs. 10L to Rs. 15L p.a.
     2. Operational Funds – Commitment of a Minimum of Rs. 70 L to 1.25 Cr p.a. from the host institute / sponsor
     3. Entrepreneurship experience (for the incubation manager) – either in supporting startups, or being an entrepreneur
3. **Evaluation Parameters:**

| Sr No | Parameter | Details | Decision Points | Rating |
|---|---|---|---|---|
| 1 | Team | Fulltime Incubator Manager | Yes / No | |
| | | Relevant Experience in Entrepreneurship | Does the team have relevant prior experience? | |
| 2 | Networks | With Startups / Students | Does the Nodal Institute have networks and/or enjoys a reputation with the ecosystem | |
| | | With Investors/Donors / Sponsors | | |
| | | With Service Providers | | |
| | | With Donors / Sponsors | | |
| 3 | Infra | Co-working / Office Space for 30 Startups with internet, etc | Yes / No | |
| | | Lab Space / Fablab / Tool Rooms | Yes / No | |
| 4 | Governance & Support | Financial Commitment from Host Institute / Sponsoring Organization | Amount of Funds committed for 3 years | |
| | | Separate Legal Entity / Autonomy | Yes / No / Proposed | |
| 5 | Overall Vision | Does the incubator have a strong and valid vision? | | |

4. **Application Form:**

| | | |
|---|---|---|
| **1.** | **Organization Specific Details:** | |
| | Name, year of establishment, current legal status | |
| | Details of Host Institution / Promoting Organization (100 words) | |
| | Nature of Activities of the Host Organization | |
| | Financial Details | |
| | Infra and Space details | |
| | Details of Entrepreneurship Activities over the past 3 years | |
| **2.** | **NI/Incubator Specific Details:** | |
| | Statement of Purpose of Incubator | |
| | Focus Sectors | |
| | Startup Ecosystem in the region | |
| | Committed infrastructure to the incubator | |
| | Technical Resources (in line with the sectors identified above) | |
| **3.** | **Partnerships / MoUs** | |
| **4.** | **Financials** | |
| | Financial Commitment from parent body for Infrastructure | |
| | Financial commitment from parent body for operation expenses for up to 3 years | |
| | Potential Funding Sources for the incubator | |
| **5.** | **Key Challenges setting up the incubator** | |

# Annexure-II

## Broad Guidelines for Startup Scheme fund allocation

| Sr. No. | Components of funding under GoG startups scheme | recommended maximum (as % of approved fund) |
|---|---|---|
| | **Product Development Fund** | |
| 1 | Development / R&D Manpower expenses | 40% |
| 2 | Prototype expenses | 50% |
| 3 | Customer Validation expenses | 40% |
| | ***Product development fund is recommended to be approved for startups for spending within 0 to 2 years from their start date.*** | |
| | **Product Marketing / Launch Fund** | |
| 1 | Marketing/Sales Staff expenses | 30% |
| 2 | Business Development expenses | 60% |
| 3 | Product Refinement expenses | 50% |
| | ***Product Marketing / Launch fund is recommended to be approved for startups for spending within 0 to 3 years from their start date.*** | |
| **Notes** | | |
| 1 | The above components are suggested, keeping view the experiences of startups so far. This is to help the startup balance it spending to ensure coordinated and all round growth and also to ensure due-diligence on spending by Nodal agency. | |
| 2 | The maximum recommended percent are kept with a view to accommodate variations across startups. So if a startup reaches higher limits in any component, then it is balanced by lower spending in other components, as total cannot exceed 100% of funds approved. | |
| 3 | In case of specific startup requiring an exception to above and needs to exceed maximum % in specific component, due to its specific needs, the same will be checked by Nodal Agency and may be approved after due diligence to check the justification for the same. The Nodal Agency may keep a record of such approval with reasons. | |